શ્રી ૧।

લેખાવળી

અને

કોયડા બુક.

(આવૃત્તિ બીજી.)

છપાવી પ્રસિદ્ધ કરનાર.
માસ્તર ઉજમશી તુળશી શાહ.
વઢવાણ શહેર.

સંવત ૧૯૫૬ સને ૧૯૦૦

અમદાવાદ

ઘીકાંટે-કે દોશીની વાડીના મેડાઉપર શા. કેશવલાલ ગુલાબચંદે
પોતાના શ્રી ચંદ્રપ્રકાશ પ્રીન્ટીંગ પ્રેસમાં છાપી.

કીંમત ચાર આના.

શ્રી ૧।

લેખાવળી

અને

કોયડા બુક.

(આવૃત્તિ બીજી.)

છપાવી પ્રસિદ્ધ કરનાર.

માસ્તર ઉજમશી તુળશી શાહ.

વઢવાણ શહેર.

સંવત ૧૯૫૬ સને ૧૯૦૦

અમદાવાદ

ઘીકાંટે-કંદોઇની વાડીના મેડાઉપર શા. કેશવલાલ ગુલાબચંદે
પોતાના શ્રી ચંદ્રપ્રકાશ પ્રીન્ટિંગ પ્રેસમાં છાપી.

કીંમત ચાર આના.

દોહરો.

ઉદ્યમથી અળગાં રહે, ભુખ તરશને રોગ.
જર વધે ને જશ વધે, નથી વચન એ ફોગ.
મનુષ્ય હોયતો ચેતજો, કહું છું વારંવાર.
શીખામણ દે સો ગણી, ઉજમશી આ વાર.

શીખામણના બે બોલ.

નીચે લખેલી શિક્ષાઓ સંસાર વ્યવહારમાં અતિ મુલ્યવાન અને સર્વદા ઉપયોગી છે.

૧ ઊદ્યોગ એ સધળા સારા નસીબનું મુળ છે અને તેથીજ સારા નશીબ થાય છે.

૨ વખતની કીંમત અમુલ્ય છે. એટલે સુવર્ણ અને હીરાથી વધારે છે.

૩ ઊદ્યમ વગર વખત ગુમાવવો નહીં.

૪ ઉદ્યમ કરે, તેને પરમેશ્વર સાહાય કરે છે.

૫ ભીખ માગવાની વૃત્તિ છોડી દેવી, જેમકે નાનું ઝાડ વાળે તેમવળે, માટે નાનપણથી ઉદ્યોગની અને નિયમીત વખતે કામ કરવાની ટેક રાખવી અને પડાવવી.

૬ જૂદા જૂદા ધંધાઓ થોડા થોડા અજમાવવા જોઇએ. રાંધતા જરૂર શીખવું,

૭ વપરાતી કુંચી હમેશ ચકચકીત રહે, નહીં તો કાટ ખાય તેમ શરીર જેમ વપરાય તેમ જોરાવર અને મજબુત થાય.

૮ જેટલું કામ આજે થાય તેટલું આજજ કરવું, કાલ ઉપર રાખવું નહીં કેમકે આપણને ખબર નથીકે બીજે દિવસે કેટલું કામ વધી પડશે. કાલ ઉપર ભરૂસો રાખવો મીથ્યા છે હમેશનું કામ હમેશ પૂરૂં કરી લેવું,

૯ ટીપે ટીપે સરોવર ભરાય અને કાંકરે કાંકરે પાળ બંધાય. તેમ તેમ પૈસે પૈસે પૈસાદાર થવાય એક પૈસો બચાવ્યો તે એક પૈસો કમાયા બરાબર છે.

૧૦ જે વસ્તુનો હાલ ઉપયોગ નથી. તે વસ્તુ કદિપણ ખરીદવી નહીં ખોટા શોખ રાખવા નહીં. ગજા પ્રમાણે દેખાવ રાખવો

૧૧ પોતાની કમાણીનો સાધારણ માણસે ¼ (ચોથો) ભાગ બચાવવો. અને સોળમો ભાગ ચલુના માટે તમામ માણસે ધર્માદા ખાતે જુદો રાખવો.

૧૨ બચાવેલો ભાગ અગત્યના પ્રસંગે અથવા વૃદ્ધાવસ્થામાં ઘણો ઉપયોગી થઇ પડે છે.

૧૩ આપણે ભણી ઉતર્યા એમ કદી માનવું નહીં કેમકે તેનો છેડો નથી. ભણેલુ ભૂલવું નહીં એટલે તે વિચારવું અને નવું નવું શીખવું.

૧૪ બાલ્યાવસ્થામાં ભણતર સાથે સંસારનું જ્ઞાન બને તેટલુંજ અર્થાત સંસારી જ્ઞાન ઉપર બધું લક્ષ નહીં રોકતાં બને તેટલું મેળવતાં જવું. ભણતર શા ઉપયોગનું છે. અને તેથી શો ફાયદો થશે? તે ઉપર ડાહ્યા માણસોને પૂછી વિચાર કરવો.

૧૫ ભણવું એ નોકરીનેજ માટે છે એમ કદિ ધારવું નહીં. ભણ્યા પણ ગણ્યા નહીં એમ ન થવા માટે નિશાળ છોડયા પછી જે ધંધે ચડવું હોય તે શીખવા માટે તેવા ધંધાવાળાને ત્યાં ઉમેદવારી કરવી તેમાં શરમ રાખવી નહીં.

૧૬ કોઈ પણ પ્રમાણિક ધંધો કરવામાં નાલાયકો તથા હલકાઈ નથી મેહેનતુ થઇને નવા નવા હુન્નર અને કામ શીખવા જેથી કમાણી તથા આબાદી થાય.

૧૭ કોઈ પણ પ્રમાણીક રીતે ઝાઝું કમાતો હોય કે ઝાઝું ભણી શકતો હોય તેની સોબત કરવી.

૧૮ ઇશ્વરી હુકમ તોડવો નહીં. ધર્મની તકરાર બાબતમાં પુરતા જ્ઞાન વિના તથા રાજના કામમાં રાજના નોકર ન હોઇએતો બનતાં સુધી હાથ નાંખવો નહીં.

૧૯ કોઈની ગુપ્તવાત જાહેર કરવી નહીં એટલે મર્મ પ્રકાશવા નહીં

૨૦ કજીઆ વોરવા નહીં, તેમ કજીઆ થતા હોય ત્યાં આપણે સંબંધ હોય અગર નહોય પણ ઉભા રહેવું નહીં કારણ કે આપણે કશુંએ જાણતાં ન હોઇએ તોપણ શાક્ષી તરીકે અદાલતોમાં કામ ચુકી અથડાવું પડે છે.

૨૧ ખર્ચ બાબત મોટાઓની બરાબરી કરવી નહીં.

૨૨ કોઇનું કે દુશ્મનનું ખરાબ ઇચ્છિવું નહીં. કેમકે તેથી આપણું જ ખરાબ થશે.

૨૩ રૂચી ઉપરાંત ખાવું નહીં ને ખાવામા સ્વાદ રાખવા નહીં, કોઈ વખત ફકત એકલા રોટલા કે રોટલીથી ચલાવી લેવું ને એવી ટેવ પાડવી. જુદી જુદી વિકારવાળી ચીજો એકી સાથે ને એકી ટંકે ખાવી નહીં.

૨૪ સરત અને કબાલા કરવા નહીં કેમકે તેથી કોઇને ફાયદો થતો નથી.

૨૫ જન્મનું દુઃખ એટલે સ્ત્રી વાંઝણી પુરૂષ નીરમાલ્ય શરીરમાં કાંઈ ખોડ અથવા ગરીબવસ્થા વીગેરે જે મળ્યુ તેનો હમે શાં મનમાં કલેશ રાખવો નહીં પણ સંતોષ રાખી ઇશ્વિર આરાધનાની સાથે ઉપાય કરવા.

૨૬ તંદુરસ્તી જાળવી કામ કરવું કાંઈ કામ ઉતાવળથી કરતાં વાગ્યું કે થાકી ગયા ને તેથી જે રોગ થશે તે માણસને ઓછામાં ઓછા ત્રણ દિવસ રોકશે. માટે ત્રણ દિવસમાં ધી રજથી કામ કરતાં તેથી બમણું થશે.

૨૭ દુર્ગુણ એટલે દુનિયાથી કેહેવાતો ખરાબ ગુણ તજી દેવો મન તથા ઇંદ્રિઓ કબજામાં રાખવી.

૨૮ કોઇ પણ કામમાં આરપાર માહીતગાર થયા વિના સાહસ કરવું નહિ.

૨૯ કોઈ માણસને ધીઃકારવું નહીં. રાજા અને રંક માણસ તરીકે એક છે. ભીક્ષુકને જોઇતી ચીજ શકિત મુજબ આપવી. નહીંતો ટાઢો જવાબ આપી પાછો વાળવો પણ ભીક્ષુક જાણી તોછડાઇ વાપરવી નહીં

૩૦ દરેક મનુષ્યે ખાસ એક ધંધો અગર હુન્નર પરીપુર્ણ શીખી રાખવો કે તેથી વશીલો તુટયા પછી પણ પોતાનું ગુજરાન ચલાવી શકાય.

૩૧ કોઇ જાતનું દુર્વ્યેશન કરવું નહીં. સોપારી સરખું પણ બનતા સુધી તજવું.

૩૨ નાનેથી પદવીમાં મોટા થયેલો તેને નાનો ગણવો નહીં ફ્રાન્સનો શેનશાહ એક વખત આખા યુરોપને ધ્રૂજાવનાર નેપોલિયન બોનાપાર્ટ એક ગરીબ માને પેટ એક નાના ગામડામાં જન્મ્યો હતો.

૩૩ પુન્ય કે પરમાર્થ કર્યું કે કરવું હોય તેની લક્ષ્મી કાંઈ મૂકી હોય તેની, પોતાની સ્ત્રીની અને આપણી ગરીબાઇની એટલી વાત કોઈ પાસે કરવી નહીં. તથા આપણા વિચાર પાર પડે ત્યાં સુધી જાહેર કરવા નહીં કારણ કે તેથી નુકશાન ઘણું છે.

૩૪ લાંચ લેવી નહીં. કારણકે એ વાત કદિ છુપી રહી શકતી નથી. ન્યાય વખતે શત્રુ તથા મિત્રને સમાન ગણવા, અધીકારે કરી શત્રુને દુઃખી કરવો નહીં.

૩૫ કોઇની વાત તથા દુર્ગુણ બીજા પાસે કહેવા નહીં. ફકત પોતાના મિત્રને સલાહ વખતે તેના દુર્ગુણ બતાવવા.

૩૬ મા-બાપ-ગુરૂ તથા ઉપરીનું ખરાબ બોલવું કે ઇચ્છિવું નહીં.

૩૭ જે વાતથી આપણું મૃત્યુ થાય. તે વાત સ્ત્રીને કહેવી નહીં. કેમકે સ્ત્રીના મનમાં કદિ વાત રહેતી નથી.

૩૮ ચોરી વ્યભીચાર અસત્ય તથા વિશ્વાસઘાત એ ચાર કદિ કંઠપ્રાણ આવે તો પણ કરવા નહીં. મુળ સાચું બોલવાની પ્રતિજ્ઞા રાખવી. આથી તમામ દુર્ગુણ દુર થાય છે.

૩૯ ગેરવાજબી પૈસો કદિ પણ ઘરમાં રાખવો નહીં. કારણ કે મરતી વખતે કાંઈ સાથે આવતું નથી. થાપણ કોઇની ઓળવવી નહીં.

૪૦ જડેલી વસ્તુ રાખવી નહીં. કેમકે એક જાતની એ ચોરી છે. જડેલી વસ્તુ જાહેર કરવી.

૪૧ ગાળો ભાંડવી તે એક જાતનું જૂઠાણું છે. ક્રોધમાં પણ ગાળો દેવી નહીં.

૪૨ પોતાનામાં કયા કયા દુર્ગુણો છે. તે ઓળખવા અને તે સુધારવા કે જેથી સુખશાંતી થાય.

૪૩ બીજાની ગરીબાઇ ઉપર વિચાર કરવો. તથા તે કેમ ગુજરાન કરે છે તે જોવું તેમજ તેને જે ચીજની જરૂર હોય. તે આપણી યથાશકિત એ પુરી પાડવી. આથી તે આશીશ આપશે. અને તેથી તમને બમણું મળશે. એ સંસય વગરની વાત છે.

૪૪ સ્ત્રી સમાગમમાં **अतिशय तं वर्जितम्.** એ વચન બરાબર યાદ રાખવું.

૪૫ દરેક ચીજના વેપારમાં અમુક ફાયદો ઠરાવી એટલે રૂપિઆના સત્તર કે અઢાર આના ઠરાવી એકજ ભાવે નાનાં છોકરાં અભણ ભણેલ હુશીયાર અમલદાર ને રાજા એ સર્વેને સરખે ભાવે દેવું. ધંધામાં કોઇને છેતરવું નહીં. એક ચીજ દેખાડી તેનો ભાવ કરી બીજી ચીજ આપવી નહીં. આ નિયમ સાચવી રાખવાથી આગળ જતાં પરીણામે પોતાની દુકાનની પ્રખ્યાતિ થઇ ઘરાક વધશે. અને દુકાનમાં આબાદી તથા કમાણી વધશે. સારૂ બને અગર ન બને તોપણ ઘરાકની સાથે જીભ મીઠી રાખવી. કે તે હોંશથી ફરીને આપણી દુકાને આવે.

૪૬ એદરકાર શેઠની નોકરી કરવી નહીં. કેમકે તેથી આપણી કીંમત ઘટે છે.

૪૭ પાડોશી સાથે વેર કરવું નહીં. કેમકે તે આપણી ઘણી વાતો જાણતો હોય. એમ સમજવું જોઇએ.

૪૮ અંગ ઉધારે પૈસા ધીરવા નહીં. કેમકે તેથી સામા આપણે તેને ઘેર ધક્કા ખાવા પડે છે.

૪૯ ગર્થ ગાંઠે ને વિદ્યા પાઠે. એટલે થોડા પૈસા ગજા પ્રમાણે હમેશા આપણી પાસે ગજવામાં રાખવા અને જેજે શીખ્યા હોઇએ તે મોંઢે યાદ કરી લેવું.

૫૦ મેવો મીઠાઈ પૈસા ખરચી એકલાં ખાવું નહીં. કેમકે તેથી જીભનો સ્વાદ વધવાથી ઘણા પૈસા ગુમાવાય છે. જો તેવી ચીજ ખાવાનું મન થાય તો પાંચે પંદરે દિવસે એક વખત લાવી. સહકુટુંબ તથા નોકર ચાકરમાં વહેંચી ખાવું જોઇએ.

૫૧ વ્યભીચારી, ચોર, ઠગારા, આપસ્વાર્થી, જૂગડીયા, વિશ્વાસઘાતી, ક્રોધી, જૂઠા, અને માબાપ તથા ગુરૂ પ્રત્યે અવિનયી એટલા માણુસોની સોબત કરવી નહીં.

૫૨ ગજા ઉપરાંત ઘરેણાં લુગડાં પહેરવામાં હલકાઈ છે. સાદાઇમાં ગંભીરાઇ છે.

૫૩ દરેક ચીજ ટાણે મળે તે નાણે મળે નહીં એટલે કાઇ ચીજ વખતે સોંઘી હોય તે ચીજ જો આપણને ઉપયોગી પડે તેમ હોય તો ખરીદીને સંઘરવી.

૫૪ અડધો મૂકી આખાને બાઝવું નહીં.

૫૫ જરૂર પડેતો પરદેશ જવાથી ડરવું નહીં.

૫૬ ખડમાંકડીની પેઠે એક પગ ઠરાવી બીજો ઉપાડવો, એટલે બીજી નોકરી નક્કી કરીને પેહેલી છોડવી. અને એજ રીતે દરેક પ્રસંગે વર્ત્તવું.

૫૭ સારી વખતમાં નાતવરા કરી ફુલાવું નહીં કેમકે આપણી ગરીબ અવસ્થામાં કરજ કરી. તેવા કરવા પડે છે. આ વાત ખરેખરી સમજવા જેવી છે.

૫૮ બીજાના મેણાં સાંભળી કરજ કરી. વરો કરવો નહીં કેમકે તે કરજ અદા કરવાને ઘણાં વરસ સુધી દુઃખી રહેવું પડે છે માટે પોતાની સત્તા જોઇને ચાલવું

૫૯ દીકરાઓને ભણે ત્યાં સુધી ભણાવવામાં અટકાયત કરવી નહીં; ભણી ન શકે ત્યારે એકદમ કોઈ પણ ગુજરાનને રસ્તે ચડાવી દેવાં.

૬૦ તરતાં જરૂર શીખવું. કારણ કે ઓચીંતા પાણીમાં પડી જવા વખતે તે કળાથી જીવ બચાવી શકાય. પણ તરતા

આવડ્યા પછી. હમેશાં પાણીના નવાણ સાથે આસીંગો શાખવો નહીં.

૬૧ ગમ ખાવી એ ડાહ્યા પુરૂષનું સર્વોત્કૃષ્ટ ભોજન છે. ક્રોધની વખતે શાંત થવું જેથી ક્રોધ ઉતરી જાય.

૬૨ આત્મઘાત કદી કરવો નહીં એવે વખતે બને તો સંસાર છોડી દેઈ સાધુ થઇ જવું. કે જેથી આ ભવ સાથે પેલા ભવનું પણ કલ્યાણ થાય.

૬૩ ઘરમાં કજીઓ કરવા દેવો નહીં તેમ ઘરમાંના કોઇ માણુસ ને ઘડીએ ખીજવવું નહીં એવા બનાવોથી ઘરની લક્ષ્મી નાશ પામે છે. સ્ત્રીના પક્ષમાં રહી. માબાપ સાથે લડવું નહીં તેમજ સ્ત્રીને સખ્ત ઠપકો આપવો પણ ગેર ચાલ વગર માર મારવો નહીં.

૬૪ સ્ત્રીએ પતિવ્રત અને પતિએ પત્નીવ્રત પાળવું. એમાં સર્વે સુખો રહેલા છે. પરણેતર સિવાય બીજાને મન આપવું. એ ના જેવું બીજું દુઃખ નથી.

૬૫ કરવા ધારેલા સુભ કામ જલદી પૂરાં કરવાં પણ તેને વિશે અત્યંત આકાંક્ષા રાખવી નહીં તેમ ધીરે ધીરે બનશે. એમ પણ ધારવું નહીં આત્માના કલ્યાણનું કામ કરવામાં જરાએ ઢીલ રાખવી નહીં આપણે ધારીએ કે તે વૃદ્ધાવસ્થામાં કરીશું પણ બીજી તરફથી વિચારવું કે કાલે શું થશે. તે જાણી શકાતું નથી.

૬૬ ગમે તેવી વિપત્તીમાં ધૈર્ય છોડવું નહી જેથી આપણા સદ્દગુણો જેવાકે શૌર્ય-સત્ય-સંતોષ-તથા શિયળ વીગેરે સચવાય

છે. અને દુઃખની સામે થવાની હીંમત આવે છે. સૃષ્ટિ ઉપ રની તમામ ચીજોને તડકો છાયો લાગે છે. માટે બીજાને સુખી જોઇ આપણા દુઃખ માટે ગભરાવું નહી પણ ધીરજ રાખી આપણા પ્રમાણીકપણે ઉપાય કરવાથી જરૂર તે દુઃખ મટી જશે.

૬૭ આપણા કરતાં ઉંચી સ્થિતીવાળાને જોઇ આપણી સ્થિતી માટે શોચ કે દીલગીરી કરવી નહીં. પણ આપણાથી હલકા માણસોની સ્થિતી જોઇ તેના કરતાં આપણે વધારે સુખી છીએ એમ ધારવું તેથી સંતોષ દ્રઢ રહે છે.

૬૮ અગમ બુદ્ધિ દરેક માણસે રાખવી જોઇએ એટલે કાંઇ કામ કરવા વિશે ફાયદા ગેરફાયદાના કારણો આગળથી વિચારવા જોઇએ.

૬૯ સહન શીળતા મનુષ્ય માત્રે રાખવી. બીજાએ પોતા તરફ કરેલી પીડા, સામું બોલ્યા કે ગુસ્સે થયા વગર સહન કરવી એનું નામ સહનશીળતા. સહનશીળતાથી આપણું પાપ ધોવાય છે. તેમ કોઈ શત્રુ થઈ શકતો નથી.

૭૦ શત્રુ કે મીત્ર દરેક મનુષ્યની આગતા સ્વાગતા સારી રીતે કરવી તેથી ઘણો ફાયદો થાય છે.

૭૧ મા–બાપ અને ગુરૂ સેવા કરવી તથા આજ્ઞા પાળવી.

૭૨ પરમાર્થ એ સૌથી સર્વોત્કૃષ્ટ ગુણ છે. પરમાર્થથી સુખ કીર્તી અને સ્વર્ગ એ ત્રણે મળે છે એમાં શક નહીં.

૭૩ બાળ લગ્ન કરવા નહીં. કન્યા કરતાં વરની ઉમર પાંચ છ વર્ષની મોટી હોવી જોઇએ પણ વૃદ્ધ વર જોવો નહી. તથા કન્યા વિક્રય કરવો નહીં.

૭૮ મૃત્યુથી રડવું કુટવું નહીં. મરવું તે કુદરતી નિયમ છે. જે-ને આપણે મૃત્યુ કહીએ છીએ તે કાંઈજ નહીં- પણ આ સંસારમાં આવ્યા પછી પાછા જવાની આપણે આપેલી કબુલાત છે. જે કબુલાત પ્રાણી માત્રને પાળ્યા વિના છુટકો નથી. ત્યારે મૃત્યુ થાય તેમાં ખોટું તે શું છે તે સમજવું જોઇએ.

મરણ વયની સરાસરી.

આજ લગણમાં મરણ પામેલા માણુસોની ઉમરની સરાસરી ૨૮ વરસની આવી છે. દુનિયાની વરતીનો અરધો ભાગ ૭ વરસ લગીની ઉમરમાં મરણ પામે છે. અને દુનિયાની વસ્તીનો ચોથો ભાગ ૧૭ વરસની ઉમરની અંદર મરણ પામે છે. એક હજારે એકજ માણુસ ૧૦૦ વરસની ઉમરનું થાય છે. સેંકડે ૭ માણુસ ૫૦ વરસની ઉમરે પોહોંચે છે. અને દર ૫૦૦ માણસે એકજ માણુસ ૮૦ વરસનું થાય છે.

માટે હાથે તે સાથે એમ સમજી સર્વ ભાઇઓ ધર્મ કરો.

શેરના લેખાંની કુંચીઓ.

જેટલે રૂપિએ શેર તેથી અઢીગણે દોકડે રૂપિઆભાર

જેટલે રૂપિએ શેર તેટલા આનાનું અધોળ

જેટલે રૂપિએ શેર તેથી ચાળીશ ગણે રૂપિએ મણ

જેટલે રૂપિએ શેર તેથી સવાગણી બદામે વાલ

જેટલે આને શેર તેથી અઢીગણી બદામે રૂપિઆભાર

જેટલે આને શેર તેથી અઢીગણે રૂપિએ મણ

જેટલે પૈસે   શેર તેથી દશગણે આને મણ.
જેટલે પૈસે   શેર તેટલા રૂપિઆનું ૬૪ ચોસઠ શેર
એક રૂપિઆનું જેટલા શેર તો એક આનાનું તેટલા અધોળ
એક રૂપિઆનું જેટલા શેર તેટલા મણના ૪૦ ચાળીશ રૂપિઆ
એક રૂપિઆનું જેટલા શેર તેટલા રૂપિઆભારના અઢી દોકડા
એક આનાનું જેટલા શેર તેટલા મણના અઢી રૂપિઆ

મણના લેખાંની કુંચીઓ.

જેટલે રૂપિએ મણ તેથી અઢીગણે દોકડે શેર
જેટલે રૂપિએ મણ તેટલા આનાનું અઢીશેર
જેટલે રૂપિએ મણ તેટલા પૈસાનું અઢી પાશેર
જેટલે રૂપિએ મણ તેટલા દોકડાનું સોળ રૂપિઆભાર
જેટલે રૂપિએ મણ તેટલી બદામનું એક રૂપિઆભાર
જેટલે આને મણ તેથી અઢી ગણી બદામે શેર.
એક રૂપિઆનું જેટલા મણ તેટલા શેરના અઢી દોકડા

ખાંડીના લેખાંની કુંચીયો.

જેટલે રૂપિએ ખાંડી તેથી પાંચગણે દોકડે મણ
જેટલે રૂપિએ ખાંડી તેટલા આનાનું સવામણ
જેટલે રૂપિએ ખાંડી તેટલા પૈસાનું સાડાબારશેર
જેટલે રૂપિએ ખાંડી તેટલા દોકડાનું આઠશેર
જેટલે રૂપિએ ખાંડી તેથી બમણી બદામે શેર
જેટલે રૂપિએ ખાંડી તેટલી વીશવાશીનું સવા રૂપિઆભાર

તોલા ગદીઆણાના લેખાંની કુંચીઓ.

જેટલે રૂપિએ તોલો તેથી અરધે રૂપિએ ગદીઆણો
જેટલે રૂપિએ તોલો તેથી અરધે આને વાલ
જેટલે રૂપિએ તોલો તેથી બમણી પાઇએ રતી
જેટલે રૂપિએ તોલો તેથી અરધી પાઇએ ભગ
જેટલે રૂપિએ ગદીઆણો તેટલે આને વાલ
જેટલે રૂપિએ ગદીઆણો તેથી ચોગણી પાઇએ રતી
જેટલે રૂપિએ ગદીઆણો તેટલી પાઇએ ભગ

પરચુરણ કુંચીઓ.

જેટલે રૂપિએ કોડી તેથી પાંચગણે દોકડે નંગ
જેટલે રૂપિએ સેંકડો તેટલે દોકડે નંગ
જેટલે રૂપિએ હજાર તેટલા દોકડાનું દશ નંગ
જેટલે રૂપિએ હજાર તેથી દશગણે દોકડે સો નંગ
જેટલે રૂપિએ કોથળો તેથી વીશગણે દોકડે મણ
જેટલે રૂપિએ માણી તેટલા આનાનું પોણોમણ
જેટલે રૂપિએ વીઘું તેથી પાંચગણે દોકડે વસો
જેટલે રૂપિએ વીઘું તેથી પાગણે દોકડે વીશવાશી
જેટલે રૂપિએ ગજ તેટલા આનાની દોઢ તસુ
જેટલે રૂપિએ ગજ તેથી આઠગણી પાઇએ તસુ

શેરના ભાગ.	રૂપિઆના ભાગ.
શેરનો બીજો ભાગ. અચ્છેર	રૂપિઆનો બીજોભાગ—અરધો રૂ.
શેરનો ત્રીજોભાગ- ચોવીશ પૈસાભાર	રૂ. ત્રીજોભાગ-પાંચઆના ચાર પાઇ

શેરનો ચોથોભાગ-પાશેર	રૂ. ચોથો ભાગ-ચાર આના.
શેરનો પાંચમોભાગ-આઠ રૂ. ભાર	રૂ. પાંચમો ભાગ-વીશ દોકડા
શેરનો છઠો ભાગ-બાર પૈસાભાર	રૂ. છઠો ભાગ-અઢીઆના બે પાઈ
શેરનો સાતમોભાગ-સવાદશ પૈસાભાર	રૂ.સાતમોભાગ-ર। આનાસાડીત્રણબદામ
શેરનો આઠમોભાગ-પાંચ રૂપીઆભાર	રૂપિઆનો આઠમો ભાગ-બેઆના
શેરનો નવમો ભાગ. આઠપૈસાભાર	રૂ.નવમોભાગ-૧।।।આનાપોણીત્રણબદામ
શેરનો દશમો ભાગ-ચાર રૂપિઆભાર	રૂ. દશમો ભાગ-દશ દોકડા

---

૧૨ ઈંચ=૧ ફુટ.	૬૪૦ એકર=૧ ચોરસ મૈલ.
૩ ફુટ=૧ યાર્ડ.	૩૩ ફુટ=૧ સાંકળ.–એવી એક ઓરસ ચોરસ સાંકળ=૧ ગુંઠો
૨ ફુટ=૧ હાથ.	૪૦ ગુંઠા=૧ એકર.
૧।।। હાથ=૧ વાર.	૬૪ હાથ ઓરસ ચોરસ=૧ વીઘો
૫૨૮૦ ફુટ=૧ મૈલ.	૩૦ વીઘાનું=૧ પ્રાન્ગુ.
૧૭૬૦ વાર=૧ મૈલ.	

વેપારી લોકની પારશી.

લીંટી=૦।	ઊધાન=૩	નફ્ર=૧૫
પાણુ=૦।	વેદ=૪	કોડ=૨૦
ફાડીયું=૦।।	મુળ=૫	સેંકડો=૧૦૦
નવાણું=૧	દોઢચોક=૬	કોથળી=૧૦૦૦
અઠાણું=૨	આંગળ=૧૦	તેરનો આંક=૧
સતાણું=૩	બાબર=૧૨	

જેટલાનો આંક કહ્યો હોય તેમાંથી બાર બાદ કરતાં બાકી રહે તે જવાબ.

લેખાં.

૧૧ રૂપિએ શેર તો એક રૂપીઆભારનું	૨૭॥ દોકડા
૧૦॥ રૂપિએ શેર તો એક અધોળનું	૧૦॥ આના
૧॥ રૂપિએ શેર તો એક મણનું	૬૦ રૂપિઆ
૧૦ રૂપિએ શેર તો એક વાલનું	૧૨॥ બદામ
૩ આને શેર તો એક રૂપિઆભારનું	૭॥ બદામ
૫ આને શેર તો એક મણનું	૧૨॥ રૂપિઆ
૩॥ પૈસે શેર તો એક મણનું	બે રૂપિઆ ત્રણ આના
૩ પૈસે શેર તો દોઢ રૂપિઆનું	૩૨ શેર
૧ રૂપિઆનું પાંચ શેર તો પાંચ આનાનું	શેર ૧॥~
૧ રૂપિઆનું ૮ શેર તો ૪ રૂપિઆભારનું	૧૧ દોકડો
૧ રૂપિઆનું ૭ શેર તો ૧॥॥ મણનું	૧૦ રૂપીઆ
૧ આનાનું ૫ શેર તો ૨॥ મણનું	૧૧ રૂપિઓ
૭ રૂપિએ મણ તો ૧॥ શેરનું	૨૬॥ દોકડા
૮ રૂપિએ મણ તો ૩॥ શેરનું	૦॥ રૂપિઓ
૫ રૂપિએ મણ તો ૧૧ આનાનું	અઢીપાસેર
૧૪॥ રૂપિએ મણ તો ૭ા દોકડાનું	૮ રૂ. ભાર
૯ રૂપિએ મણ તો બે રૂપિઆભારનું	૧૮ બદામ
૮ આને મણ તો બશેરનું	૪૦ બદામ
૧ રૂપિઆનું પાંચ મણ તો ૭॥ શેરનું	૩॥ દોકડા
૧૪ રૂપિએ ખાંડી તો ૨ મણનું	૧૪૦ દોકડા
૧૫ રૂપિએ ખાંડી તો ૧॥ મણનું	અઢાર આના
૧૬ રૂપિએ ખાંડી તો ૦। રૂપિઆનું	૧૨॥ શેર
૪॥ રૂપિએ ખાંડી તો આઠશેરનું	૪॥ દોકડા
૯ રૂપિએ ખાંડી તો ૦॥ શેરનું	૯ બદામ
૭ રૂપિએ ખાંડી તો સવા રૂપિઆભારનું	૭ વીશવાશી

૧૨। પૈસાનું ૧૯। શેર તો ૫। પૈસાનું ૮। શેર
૩૮। પૈસાનું ૬૩॥। શેર તો ૨૦। પૈસાનું ૩૩॥। શેર
૫૩। પૈસાનું ૮૮॥। શેર તો ૧૪। પૈસાનું ૨૩॥। શેર
૩૫॥। પૈસાનું ૭૪। શેર તો ૯॥। પૈસાનું ૨૦। શેર
૮। પૈસાનું ૫૫ શેર તો ૨। પૈસાનું ૧૫ શેર
૩૩ રૂપિએ તોલો તો ૧॥ ગદીઆણાનું ૨૪॥। રૂપિઆ
૭ રૂપિએ તોલો તો ૩ વાલનું ૧૦॥ આના
૯ રૂપિએ તોલો તો ૦॥। રતીનું ૧૩॥ પાઈ.
૧૫ રૂપિએ તોલો તો સવા આનાનું ૨ મગ
૧૧ રૂપિએ ગદીઆણો તો એકવાલનું ૧૧ આના
૧૦ રૂપિએ ગદીઆણો તો ૧॥ રતીનું ૫ આના
૧૪ રૂપિએ ગદીઆણો તો ૦। મગનું ૩॥ પાઈ
૫ રૂપિએ કોડી તો ૩ નંગનું ૦॥। રૂપિઓ
૧૦ રૂપિએ સેંકડો તો ૪ નંગનું ૪૦ દોકડા
૨॥ રૂપિએ હજાર તો વીશ નંગનું ૫ દોકડા
૨ રૂપિએ હજાર તો ૧૦ દોકડાનું ૫૦ નંગ
૬ રૂપિએ કોથળો તો ૧ મણનું ૧૨૦ દોકડા
૧૪। રૂપિએ માણી તો ૦। મણનું ૪॥। આના
૯ રૂપિએ વીઘો તો ૧॥ વસાનું ૬૭॥ દોકડા
૧૦ રૂપિએ વીઘો તો ૨॥ દોકડાનું ૧ વીશવાશી
૧॥ રૂપિએ ગજ તો ૦॥। તસુનું પોણો આનો
૪ રૂપિએ ગજ તો ૧। તસુનું ૪૦ પાઈ

વ્યાજ ગણવાની રીત—રૂપિઆનો ને મહીનાનો ગુણાકાર કરવો આવે તે સર અને રૂપિઆનો ને દીવસનો ગુણાકાર કરી તે ગુણાકારને ૩૦ ભાગવા આવે તે સર પછી તે બંને સરનો સરવાળો કરી તેને જેટલા

આનાની તેરીખ કીધી હોય તે સંખ્યા વડે ગુણતાં જે આવે તે બદામ. સરને દોકડાની તેરીખે ગુણતાં દોકડા અને સરને પૈસાની તેરીખે ગુણતાં પૈસા આવે એ ચોકસ યાદ રાખવું.

કોયડા.

(૧) દરરોજ અકેક પૈસો બચાવતાં ૧૦૦ વર્ષમાં કેટલા રૂપીઆ એકઠા થશે ?

(૨) એક ભમરો દરરોજ અકેક રૂપીઆભાર લાકડું કોરે છે તો ૭૦ મણનું લાકડું કેટલા વર્ષે કોરી રહેશે ?

(૩) એક વડને ૯ થડ છે. દરેક થડે ૯ નવ ડાળ દરેક ડાળે ૯ નવશીંકાં દરેક શીંકે ૯ નવ ગાડવા દરેક ગાડવે ૯ નવશેર ઘી છે તો તે વડ ઉપર કુલ મળીને કેટલું ઘી હશે ?

(૪) એક તળાવમાં ૧૦૦ ખાડા દરેક ખાડામાં ૧૦૦ સો પાડા દરેક પાડા ઉપર ૧૦૦ સો બગ તો તે તળાવમાં કુલ મળીને કેટલા પગ ?

(૫) એક રૂપીઆનું ૩ શેર લાવી ૪ શેર લેખે વેચ્યું બીજીવાર ૪ શેર લાવી ૩ શેર લેખે વેચ્યું તો તે વેપારમાં નફો કે નુકશાન અને તે કેટલું ?

(૬) એક રૂપીઆનું ૪ શેર લાવી ૫ શેર લેખે વેચ્યું બીજીવાર ૫ શેર લાવી ૪ શેર લેખે વેચ્યું તો તે વેપાર માં નફો કે નુકશાન અને તે કેટલું ?

(૭) કોઇ રકમના છ છ માસે બમણા થાય તો એ લેખે એક પૈસાના ૧૨ વર્ષે કેટલા થાય ?

(૮) બાપા બેટી લાડકી ફોફળ માગે ચાર.

હાટે હાટે ચોગણા સોળ હાટે લેનાર. ત્યારે તે કેટલા થાય?

(૯) એક શાહુકારે ગુમાસ્તો રાખ્યો તે એવી સરતે કે પેહેલે દિવસે એક રૂપીઓ બીજે દિવસે બે રૂપીઆ ત્રીજે દિવસે ચાર રૂપીઆ એ રીતે બમણા બમણા આપતાં એક માસમાં કેટલા રૂપિઆ થશે ?

(૧૦) એક વેંત લાંબી એક વેંત પોહોળી અને એક વેંત જાડી (ઉંચી) ગોળ પાપડીનો કકડો એક દિવસ ચાલે તો ૩૦ વેંત લાંબી ૩૦ વેંત પહોળી અને ૩૦ વેંત જાડી ગોળ પાપડીનો કકડો કેટલા દિવસ ચાલશે ?

(૧૧) એક ઘોડી દરરોજ ૨૫ ગાઉ ચાલે છે અને તેની વછેરી દરરોજ અકેક ગાઉ ચડત એટલે પેહેલ દિવસે એક ગાઉ બીજે દિવસે બે ગાઉ ત્રીજે દિવસે ત્રણ ગાઉ એ પ્રમાણે ચાલે છે તો તે માદીકરી કેટલા દિવસે ભેગા થશે ?

(૧૨) એક માણસ દરરોજ સવા રૂપીઓ કમાય છે અને બીજો માણસ દરરોજ અકેક આનો ચડત એટલે પેહેલે દિવસે એક આનો બીજે દિવસે બે આના ત્રીજે દિવસે ત્રણ આના એ પ્રમાણે કમાય છે ત્યારે બંનેની પાસે કેટલા દિવસે સરખા રૂપીયા થશે?

(૧૩) એક ગજ લાંબુ અને એક ગજ પહોળું એવું એક ચોરસ લુગડું છે. તેનો એક રૂપીઓ બેસે તો દોઢ પા ગજ લાંબુ અને દોઢ પા ગજ પહોળું ચોરસ લુગડાનું શું બેસે?

(૧૪) એક ગજ લાંબી એક ગજ પહોળી અને એક ગજ ઉંડી ખાઈ ખોદવાનું ખર્ચ એક રૂપીયો બેસેતો એ લેખે ૦ ગજ લાં

બી ૦। ગજ પહોળી અને ૦। ગજ ઉંડી ખાઇ ખોદવાનું શું ખર્ચ થશે ?

(૧૫) ૨૦ ગજ લાંબી ૨૦ ગજ પહોળી અને ૨૦ ગજ ઉંડી એવી એક ખાણની બરાબર ૫ ગજ લાંબી ૫ ગજ પહોળી અને ૫ ગજ ઉંડી એવી કેટલી ખાણો જોઇએ?

(૧૬) કેટલા ગજ ચોરસ અતલસનો કકડો હોય તો તેની ચારે બાજુના તસુના સરવાળાની સંખ્યા જેટલી સ્ત્રીઓને સરખે ભાગે વહેંચતાં દરેકને અકેક ચોરસ ગજ આવે?

(૧૭) એક માણસ કેટલા પૈસા લેઇને કેટલા જાંબુ લેવા નીકળ્યો હોય તો એક પૈસાના ૪૦ લેખે લેતાં ૧૦ પૈસા ઘટે અને ૫૦ લેખે લેતાં ૫ પૈસા વધે.

(૧૮) એક શેઠે પોતાના બે દીકરાને સરખી કીંમતવાળા ૧૨ રત્નો માંથી એકને ૪ અને બીજાને ૮ રત્ન આપ્યા. ચાર રત્નવાળાએ રૂ. ૩૭૫ નું અને આઠ રત્નવાળાએ એક લાખ રૂપિઆનું દેવું પતવ્યું ત્યારે બંનેની પાસે સરખા રૂપિઆ રહ્યા ત્યારે તે દરેક રત્નની કીંમત શી?

(૧૯) ૧-૨-૩-૪-૫ એ પ્રમાણે અકેક વધતાં ૧ થી ૫૭ સુધીનો સરવાળો કરો.

(૨૦) ૧-૩-૫-૭-૯ એ પ્રમાણે બબે વધતાં પ્રથમથી ૧૬ એકીઓનો સરવાળો કરો.

(૨૧) ૨-૪-૮-૧૦-૧૨ એ પ્રમાણે બબે વધતાં પ્રથમથી ૧૬ બેકીયોનો સરવાળો કરો.

(૨૨) કઇ સંખ્યાને ૨ થી ૬ સુધી ભાગતા દરેક ભાગાકારમાં અકેક વધે. અને સાતે ભાગતા કાંઈ વધે નહીં?

(૨૩) કઇ સંખ્યાને ૨ થી ૬ સુધી ભાગતા દરેક ભાગાકારમાં એકે વધે ઘટે નહીં ને સાતે ભાગતાં એક વધે?

(૨૪) કઈ સંખ્યાને ૨ થી ૬ સુધી ભાગતા દરેક ભાગાકારમાં એકે વધે ઘટે નહીં ને સાતે ભાગતાં એક ઘટે.

(૨૫) કઈ સખ્યાને ૨ થી ૧૦ સુધી ભાગતાં દરેક ભાગાકારમાં એકે વધે ઘટે નહીં ને અગીઆરે ભાગતાં એક વધે?

(૨૬) કઈ સંખ્યાને ૨ થી ૧૦ સુધી ભાગતાં દરેક ભાગાકારમાં એકેક વધે ને અગીઆરે ભાગતાં કાંઈ વધે નહીં.

(૨૭) કેટલા મોતીની માળા હોય તો બબે ગણતાં એક; ત્રણ ત્રણ ગણતાં બે; ચાર ચાર ગણતાં ત્રણ; પાંચ પાંચ ગણતાં ચાર; છ છ ગણતાં પાંચ વધે; અને સાત સાત ગણતાં એકે વધે ઘટે નહીં?

(૨૮) બે પંખીના ટોળા છે. તેમાંથી એક ટોળું બીજા ટોળાને કહે છે કે જો તમારામાંથી એક પંખી અમારામાં આવો તો આપણે બંને સરખા થઇએ ત્યારે બીજું ટોળું બોલ્યું કે જો તમારામાંથી એક પંખી અમારામાં આવો તો અમો તમારાથી પાંચગણા થઇએ. ત્યારે દરેક ટોળામાં પંખી કેટ કેટલા ?

(૨૯) ઉપરના હિસાબ મુજબ પ્રથમ સરખા ને બીજી વખત ત્રણ ગણા થાય ત્યારે દરેક ટોળામાં પંખી કેટકેટલા ?

(૩૦) બે જણ પાસે કેટકેટલાક રૂપીઆ છે. હવે તેમાંથી એક જણ બીજાને કહે છે કે જો તું મને તારામાંથી એક રૂપિઓ આપે તો આપણા બંનેની પાસે સરખા રૂપિઆ થાય. ત્યારે બીજો કહે છે કે જો તું મને તારામાંથી એક રૂપીઓ

આપે તો મારી પાસે તારા કરતાં સતરગણા થાય ત્યારે તે રૂપિયા કેટકેટલા ?

(૩૧) ઉંચેથી પડી મરત મોટી કેરી. તે બે જણાએ સાંભળી. સાંભળી તેણે દીઠી નહીં. દીઠી બીજા બેએ. દીઠી તેઓ દોડયા નહીં. દોડયા બીજા બે. દોડયા તેણે લીધી નહીં. લીધી બીજા બેએ. લીધી તેણે ખાધી નહીં. ખાધી બીજા એકે, ત્યારે તેમાં સાંભળનાર, જોનાર, દોડનાર, લેનાર, અને ખાનાર કોણ, તે અનુક્રમે કહો.

(૩૨) બે મિત્ર હતાં તેમાંથી એકે ૦॥। શેર અને બીજાએ ૧॥ શેર ખાવાનું લીધું તેમાં ત્રીજો જણ ૨૦ પૈસા આપી ભળ્યો. તો તે ૨૦ પૈસામાંથી ૧॥ શેરવાળાને તથા ૦॥। શેરવાળાને કેટકેટલા પૈસા આવશે?

(૩૩) મેતો મેતી મણનો ભાર, બે છેયાં અધમણનો સાર.
હોડી ઝીલે મણનો ભાર તેને ઉતારો પેલેપાર.

(૩૪) ૮ મણનો ભરેલ અને ૫ ને ૩ મણના બે ખાલી કુડલા છે તેને વગર કાટલે ચચાર મણ વહેંચી આપો.

(૩૫) બે અનાજના ઢગલા છે. પેહેલા ઢગલામાંથી એક મણ લેઈ બીજા ઢગલામાં નાંખીએ તો બંને ઢગલા વજનમાં સરખા થાય. પણ બીજા ઢગલામાંથી એક મણ લેઇ પેહેલા ઢગલામાં નાંખીએ તો બીજા ઢગલા કરતાં પેહેલો ઢગલો વજનમાં ૧૦૧ ગણો થાય. ત્યારે તે ઢગલા વજનમાં કેટકેટલા ?

નીચેના ૬ ૭ કોયડા—તેમાં લખ્યા મુજબ દરેક પ્રાણી અનાજ ખાય છે તો એ પ્રમાણે ૧૦૦ જાનવરો વચ્ચે ૧૦૦ મણ અનાજ વહેંચી આપો.

(૩૬) હાથી ૫ મણ ઉંટ ૧॥ મણ ને ઘોડો પાંચશેર.

(૩૭) હાથી ૨॥ મણ. ઉંટ ૧॥ મણ ને ઘોડો દશ શેર

(૩૮) હાથી ૨॥ મણ. ઉંટ ૧॥ મણ ને ઘોડો પાંચ શેર

(૩૯) હાથી ૨॥ મણ ઉંટ ૧। મણ ને ઘોડો દશ શેર

(૪૦) હાથી ૨॥ મણ ઉંટ ૧। મણ ને ઘોડો પાંચ શેર

(૪૧) હાથી ૧॥ મણ ઉંટ ०॥ મણ ને ઘોડો દશ શેર

નીચેના ૧૨ કોયડા—તેમાં લખ્યા મુજબ વસ્તુઓ મળે છે. તો એ પ્રમાણે ૧૦૦ રૂપિઆમાંથી ૧૦૦ નંગ લાવો.

(૪૨) ૨૫ રૂપીઆની પાઘડી ૧ રૂપિઆનું ધોતીયું ને ०। રૂપિઆનો રૂમાલ.

(૪૩) ૧૦ રૂપિઆની પાઘડી ૫ રૂપિઆનું ધોતીયું ને ०॥ રૂપિઆનો રૂમાલ

(૪૪) ૭ રૂપિઆનો સાડલો ૫ રૂપિઆનો ઘાઘરો ને ०॥ રૂપિઆનું કાપડું

(૪૫) ૫ રૂપિઆનું ઝાલણુ ૩ રૂ.ની વળી ને ૧ રૂપિઆના ૨૦ વાંસ

(૪૬) ૫ રૂપિઆનું ઝાલણુ ૧ રૂ.ની વળી ને ૧ રૂપિઆના ૨૦ વાંસ

(૪૭) ૫ રૂ.ની થાળી ૩ રૂ.નો લોટો ને ०॥ રૂપિઆનો વાડકો.

(૪૮) ૫ રૂપિઆની ઝારી ૨॥ રૂપિઆની થાળી ને ०॥ રૂપિઆનો લોટો.

(૪૯) ૫ રૂપિઆનું દેગડું ૧ રૂ.નો લોટો ને ०॥ રૂપિઆનો પ્યાલો.

(૫૦) ૫ રૂપિઆની પાઘડી. ૧ રૂપિઆનું ધોતીયું ને ०। રૂપિઆનો રૂમાલ.

(૫૧) ૫ રૂપિઆની પાઘડી. ०॥ રૂપિઆનું ધોતીયું ને ०। રૂપિઆનો રૂમાલ.

(૫૨) ૪ રૂપિઆની પાઘડી ૧ રૂપિઆનું ધોતીયું ને ૦। રૂપિઆ નો રૂમાલ.

(૫૩) ૩ રૂપિઆની પાઘડી ૧ રૂપિઆનું ધોતીયું ને ૧ રૂપીઆ ના ૨૦ રૂમાલ.

નીચેના ૧૪ કોયડા—તેમાં લખ્યા મુજબ દરેક જાનવર દુધ કાઢે છે તો એ પ્રમાણે ૨૦ જાનવરોનું ૨૦ શેર દુધ મેળવી આપો.

(૫૪) ભેંસ ૫ શેર ગાય ૧ શેર ને બકરી ૦। શેર

(૫૫) ભેંસ ૫ શેર ગાય ૦॥ શેર ને બકરી ૦। શેર

(૫૬) ભેંસ ૪ શેર ગાય ૨ શેર ને બકરી ૦॥ શેર

(૫૭) ભેંસ ૪ શેર ગાય ૧ શેર ને બકરી ૦। શેર

(૫૮) ભેંસ ૩॥ શેર ગાય ૦॥। શેર ને બકરી ૦। શેર

(૫૯) ભેંસ ૩ શેર ગાય ૦॥ શેર ને બકરી ૦। શેર

(૬૦) ભેંસ ૨॥ શેર ગાય ૧॥ શેર ને બકરી ૦॥ શેર

(૬૧) ભેંસ ૨॥ શેર ગાય ૧। શેર ને બકરી ૦। શેર

(૬૨) ભેંસ ૨॥ શેર ગાય ૦॥ શેર ને બકરી ૦। શેર

(૬૩) ભેંસ ૨ શેર ગાય ૧॥ શેર ને બકરી ૦॥ શેર

(૬૪) ભેંસ ૨ શેર ગાય ૦॥ શેર ને બકરી ૦। શેર

(૬૫) ભેંસ ૧॥ શેર ગાય ૦॥ શેર ને બકરી ૦। શેર

(૬૬) ભેંસ ૧। શેર ગાય ૦॥ શેર ને બકરી ૦। શેર

(૬૭) ભેંસ ૪ શેર ગાય ૦॥ શેર ને બકરી ૦। શેર

(૬૮) બે થાળીમાં બ્રાહ્મણ ૩ થાળીમાં વાણીયો ને ૧ થાળીમાં ૭ ઢેઢ જમે છે. તો એ પ્રમાણે ૧૦૦ થાળીમાં ૧૦૦ માણસોને જમાડો.

(૬૯) ૪ રૂપિઆનો એકમણ ગોળ ૨ રૂપીઆના એકમણ ચોખાને ૦॥ રૂપિઆની એકમણદાળ મળે છે તો એ પ્રમાણે ૧૦૦ રૂપીઆમાંથી ૧૦૦ મણ ભાર લાવો.

(૭૦) પાંચશેરનો પાવડો ૨॥ શેરની કોદાળી ને ૦॥ શેરનું દાતરડું થાય તો એ પ્રમાણે એક મણ ધાતુમાંથી ૪૦ નંગ બનાવો.

(૭૧) ૮ હાથનું અંગરખું ૧॥ હાથનું પેરણ ને ૦॥ હાથનું આંગલું થાયતો એ પ્રમાણે ૪૦ હાથ લુગડામાંથી ૪૦ નંગ બનાવો.

(૭૨) એક રૂપીઆનું ૪ શેર ઘી ૮ શેરનો ગોળ અને એક પૈસાનો એક શેર લોટ મળે છે. તો એ પ્રમાણે પાંચ આનામાંથી પાંચશેર ભાર લાવો.

(૭૩) એક રૂપિઆનું ૪ શેર ઘી ૮ શેરનો ગોળ અને ૩ પૈસાનો એક શેર લોટ મળે છે તો એ પ્રમાણે પાંચ આનામાંથી પાંચશેર ભાર લાવો.

(૭૪) એક રૂપિઆનું ૮ શેર ઘી ૧૬ શેરનો ગોળ અને એક પૈસાનો એક શેર લોટ મળે છે તો એ પ્રમાણે પાંચ આનામાંથી પાંચશેર ભાર લાવો.

(૭૫) ૩ આનાની શેર બરફી બે આનાના શેર ગાંઠીયા અને ૩ પૈસાના શેર ફુલવડાં મળે છે તો એ પ્રમાણે પાંચ આનામાંથી પાંચ શેર ભાર લાવો.

(૭૬) સુતરથી બમણો ગોળ ને અર્ધગણું ઘી મળે છે તો એ પ્રમાણે પાંચ શેર સુતરમાંથી પાંચ શેર ભાર લાવો.

(૭૭) ચાર આનાની એક શેર ખાંડ આઠ આનાનું એક શેર ઘી ને ૪ રૂપિઆની એક શેર એલાઇચી મળે છે તો એ પ્રમાણે ૪ રૂપિઆમાંથી ચાર શેર ભાર લાવો.

(૭૮) એક પૈસાની પાંચ સોપારી એક પૈસાના ૨૫ પાન ને એક પૈસાના ૧૦૦ લવીંગ મળે છે તો એ પ્રમાણે એક પૈસામાંથી ૨૫ જણસો લાવો.

(૭૯) દર વીઘે શેરડીના ૪ રૂપિઆ રીંગણાના આઠ આના અને મરચીના ચાર આના આપવાનો ઠરાવ કરી ૪ વીઘા જમીન રાખી તો કેટકેટલા વીઘામાં કોનું કોનું વાવેતર કરે તો રૂપિઆ ૪ આપવા પડે ?

(૮૦) એક સલા છે તેનો અર્ધભાગ પૃથ્વીમાં ત્રીજો ભાગ પાણીમાં દશમો ભાગ સેવાળમાં અને (૫૨) ગજ પાણીની બહાર છે તો તે સલા કેટલા ગજ લાંબો?

(૮૧) ૩ પૈસાના એક શેર કારેલાં ને એક પૈસાના ૩ શેર મુળા મળે છે તો એ પ્રમાણે ૯ પૈસાનું ૯ શેર શાક લાવો.

(૮૨) એક મણ લોઢામાંથી એવા ચાર કાટલા બનાવો કે એક શેરથી તે એક મણ સુધીમાં ગમેતેટલા શેરની ધારણ કરવી હોય તો એકજવારે જોખી શકાય.

(૮૩) ૧૨૭ રૂપિઆની સાત થોકડીઓ કરો એવી રીતે કે એકથી તે ૧૨૭ સુધીમાં ગમે તેટલા રૂપિઆની માગણી થાય તો તે થોકડીઓમાંથી બાંધ છોડ કર્યા વિના આપી શકાય.

(૮૪) ૩૦ રૂપિઆના પાંચ દાગીના બનાવો એવી રીતે કે એકથી તે ૩૦ રૂપિઆ સુધીમાં ગમે તેટલાની માગણી થાય તો તેમાંથી ભાંગફોડ કર્યા વિના આપી શકાય.

(૮૫) એક શેઠને ત્યાં ત્રણ જણ જમવા આવ્યા. હવે તેમાં પેહેલાને કેટલાક લાડુ પીરસ્યા. બાકી રહ્યા તેના બમણા થયા. તેમાંથી પેહેલાના જેટલાજ બીજાને પીરસ્યા બાકી રહ્યા તેના

ત્રમણા થયા તે બધાય ત્રીજાને પીરસ્યા ત્યારે દરેકને સરખા સરખા લાડુ પીરસાયા. ત્યારે પ્રથમ થાળમાં લાડુ કેટલા? અને દરેકને પીરસ્યા કેટકેટલા?

(૮૬) ઉપરના હિસાબ મુજબ ચારને પીરસ્યા. તો દરેકને સરખા સરખા લાડુ પીરસાયા. ત્યારે પ્રથમ થાળમાં લાડુ કેટલા? ને દરેકને પીરસ્યા કેટકેટલા ?

(૮૭) ઉપરના હિસાબ મુજબ પાંચને પીરસ્યા. તો દરેકને સરખા લાડુ પીરસાયા ત્યારે પ્રથમ થાળમાં લાડુ કેટલા? ને દરેકને પીરસ્યા કેટકેટલા?

(૮૮) એક શેઠને ત્યાં ચાર જણ જમવા આવ્યા. પ્રથમ પેહેલાને કેટલાક લાડુ પીરસ્યા બાકી રહ્યા તેના ચાર ગણા કરી તેમાંથી પેહેલાના જેટલાજ બીજાને પીરસ્યા. બાકી રહ્યા તેના ચાર ગણા કરી. પેહેલા એના જેટલાજ ત્રીજાને પીરસ્યા બાકી રહ્યા તેના ચાર ગણા કરી તે તમામ ચોથાને પીરસ્યા ત્યારે દરેકને સરખા સરખા લાડુ પીરસાયા. ત્યારે પ્રથમ થાળમાં લાડુ કેટલા? ને દરેકને પીરસ્યા કેટકેટલા ?

(૮૯) એક જણ પાસે કેટલાક ફુલ છે તે નદીમાં ધોવાથી બમણા થયા તેમાંથી કેટલા એક ફુલ એક શીવને ચડાવ્યા બાકી રહ્યા તે નદીમાં ધોવાથી બમણા થયા તેમાંથી પેહેલાના જેટલાજ બીજા શીવને ચડાવ્યા બાકી રહ્યા તે નદીમાં ધોવાથી બમણા થયા તે તમામ ત્રીજા શીવને ચડાવ્યા ત્યારે દરેક શીવને સરખા ફુલ ચડ્યા ત્યારે પ્રથમ ફુલ કેટલા? ને દરેકને ચઢાવ્યા કેટકેટલા?

(૫૦) એક શેઠને ૭૦૦ રૂપિઆની મુડી છે. તેણે મરતી વખત પોતાની ગર્ભવંતી સ્રીને એવું વસીયતનામું લખી આપ્યું કે જો તારે છોકરો આવે તો ૨ ભાગ છોકરાના, ને એક ભાગ તારો. કદાપી છોકરી આવે તો ૨ ભાગ તારા, ને ૧ ભાગ છોકરીનો. દૈવયોગે તે સ્રીને છોકરો અને છોકરી બંને આવ્યા તો વસીયતનામા પ્રમાણે દરેકને શું મળ્યું?

(૫૧) ત્રણ મીત્રો કેટલીએક પુરીયો લેઇ ગામ જવા નીકળ્યા. તેમાં થી પ્રથમ એકે પોતાનો ત્રીજો ભાગ ખાધી. બાકી રહી તેનો ત્રીજો ભાગ બીજાએ ખાધી. બાકી રહી તેનો ત્રીજો ભાગ ત્રીજાએ ખાધી. છેવટ જે બાકી રહી. તે ત્રણે જણાએ સરખે ભાગે વહેંચી લીધી તો એકે વધી ઘટી નહીં ત્યારે તે પૂરીયો કેટલી.

(૫૨) ત્રણ મીત્રો કેટલીએક પુરીયો લેઈ ગામ જવા નીકળ્યા. હવે તેમાંથી પ્રથમ એકે ત્રીજો ભાગ ખાઈ એક વધી તે કૂતરાને નાંખી. બાકી રહી તેનો ત્રીજો ભાગ બીજાએ ખાઇ એક વધી તે કૂતરાને નાંખી. બાકી રહી તેનો ત્રીજો ભાગ ત્રીજાએ ખાઈ એક વધી તે કૂતરાને નાંખી. છેવટે જે બાકી રહી તે ત્રણ જણાએ સરખે ભાગે વહેંચી લેતાં એક વધી તે કૂતરાને નાંખી ત્યારે તે પુરીયો કેટલી?

(૫૩) ઉપરના હિસાબ મુજબ ચાર જણ વચે કેટલી પુરીયો હશે?

(૫૪) એક શેઠને બે દીકરા છે. તેમાં પેહેલાને ૧૦ અને બીજાને ૧૦૦ તાકા આપી વેચવા મોકલ્યા. ને તેમને કહ્યું કે તમે બંને જણ બે વખત ભાવ કરી સરખે ભાવે વેચી સરખા

પૈસા લાવજો ત્યારે એ વખત કેટ કેટલાનો ભાવ કર્યો? ને કેટકેટલા પૈસા મળ્યા?

(૯૫) ઉપરના હિસાબ મુજબ ૨૦, ૪૦, ૬૦, ૮૦, ને ૧૦૦ ના સરખા પૈસા લાવો.

(૯૬) ઉપરના હિસાબ મુજબ ૨૦, ૪૦, ૬૦, ૮૦, ૧૦૦ ને ૧૨૦ ના સરખા પૈસા લાવો.

(૯૭) ઉપરના હિસાબ મુજબ ૧૦, ૩૦ ને ૫૦ ના સરખા પૈસા લાવો.

(૯૮) એક વેપારીએ એક ગુણમાં ૧૦૦ એવી ૧૦૦ ગુણો શ્રીફળની ખરીદ કરી. રસ્તામાં આવતાં દાણના લેનારા ૧૦૦ જણ મળ્યા. તેમણે અનુક્રમે ગુણ દીઠ એકેક શ્રીફળ દાણમાં લીધું. ત્યારે તે વેપારી પાસે કેટલા શ્રીફળ બાકી રહ્યા?

(૯૯) એક રબારી કેટલીએક ગાયો લેઈ વેચવા નીકળ્યો પ્રથમ પેહેલા ગામમાં પેસતાં એક ગાય દાણમાં આપી. બાકી રહી તેની અર્ધ ગામમાં વેચી ને પછી પાછા નીકળતાં એક ગાય દાણમાં આપી એવી રીતે ત્રણ ગામ ફરતાં છેવટે એક ગાય રહી. ત્યારે તે ગાયો કેટલી?

(૧૦૦) એક વેપારી કેટલાએક રૂપિઆ લેઈ વેપાર કરવા નીકળ્યો પ્રથમ પેહેલા ગામમાં પેસતાંજ એક રૂપિઓ દાણમાં આપ્યો ત્યાર પછી તેની પાસે જે બાકી રહ્યા તેના બમણા થયા નીકળતાં પાછો એક રૂપીઓ દાણમાં આપ્યો. એવી રીતે ચાર ગામ ફરતાં તેની પાસે કાંઈ રહ્યું નહીં ત્યારે તે પ્રથમ કેટલા રૂપિયા લેઈ નીકળેલો હશે?

(૧૦૧) એક ચોર બાગમાંથી કેટલાક લીંબુ ચોરી લાવ્યો તેમાંથી પ્રથમ પેહેલી દોઢીએ અર્ધવત્તા એક લીંબુ આપવા પડયા. બાકી રહ્યા તેના અર્ધવત્તા એક બીજી દોઢીએ આપવા પડયા. એવી રીતે ચાર દોઢીએ આપતાં છેવટ તેની પાસે એકે લીંબુ રહ્યું નહીં. ત્યારે તેણે કેટલા લીંબુ ચોરેલા?

(૧૦૨) એક માણસ કેટલું એક તેલ લેઇ હનુમાનજીને ચડાવા નીકળ્યો પ્રથમ પેહેલા હનુમાનજીને તેમાંથી એક શેર તેલ ચડાવ્યું બાકી રહ્યું તેનું બમણું થયું. તેમાંથી પેહેલા હનુમાનજીના જેટલુંજ બીજા હનુમાનજીને ચડાવ્યું એવી રીતે સાત હનુમાનજીને સરખું સરખું તેલ ચડાવતાં છેવટ કાંઈ તેલ વધ્યું નહીં ત્યારે તે પ્રથમ ઓછામાં ઓછું કેટલા શેર તેલ લેઈ નીકળેલ? અને તેમાંથી દરેકને ચડાવ્યું કેટકેટલું ?

(૧૦૩) એક શેહેરને ચાર દરવાજા છે તેને લસ્કરે ઘેરો ઘાલ્યો. પ્રથમ લસ્કરના અર્ધ માણસ પેહેલે દરવાજે રહ્યા બાકી રહ્યા તેના અર્ધ બીજે દરવાજે બાકી રહ્યા તેના અર્ધ ત્રીજે દરવાજે વળી જે બાકી રહ્યા તેના અર્ધ ચોથે દરવાજે ને બાકીના તમામ ગામમાં ગયા. ગામમાં જનાર માણસોમાંથી પેહેલાને એક રૂપિઓ બીજાને બે રૂપિઆ ત્રીજાને ત્રણ રૂપિઆ એવી રીતે અકેક વધારીને રાજાએ ઇનામ આપ્યું. તે લેઇ લશ્કરના સઘળાં માણસોએ સરખે ભાગે વહેંચી લેતાં દરેકને અકેક રૂપિઓ આવ્યો ત્યારે લશ્કરમાં માણસો કેટલાં?

(૧૦૪) ઉપરના હિસાબ મુજબ પાંચ દરવાજાવાળા ગામમાં લશ્કરના માણસો કેટલાં?

(૧૦૫) ૯૦ ના એવા ચાર ભાગ કરો કે તેમાંના અનુક્રમને બેએ ગુણીએ, બેએ ભાગીએ, બે મેળવીએ, અને બે બાદ કરીએ; તે બધા બરાબર થાય.

(૧૦૬) એક સ્ત્રી બીજી સ્ત્રીને કહે છે કે મારો સસરો તે તારા સસરાનો સસરો થાય ત્યારે તે બંનેનું સગપણ શું ?

(૧૦૭) એક જણ ગાડું હાંકીને જાય છે. ને તે ગાડામાં એક સ્ત્રી બેઠી છે. તેને બીજી સ્ત્રીએ પૂછ્યું કે આ ગાડું હાંકનાર તારે શું સગો થાય. ત્યારે તેણે જવાબ આપ્યો કે—

કચુડ કચુડ બે પૈડાં બોલે. સાંભળરે બાઇ વાહુ.
હાંકનારાની મા મારા સગા સાસરાની સાસુ. ત્યારે તે સગપણ શું?

(૧૦૮) એક સ્ત્રી છોકરાને હીંચોળે છે. તેને બીજી સ્ત્રીએ પૂછ્યું કે તું જેને હીંચોળે છે તે તારે શું સગો થાય. ત્યારે તેણે કહ્યું કે—

ભાઇ લગે ભરથારકો જનયો. સગી શોકયનો બેટા.
મારા પીયુને સાળો લગે. વળી ફેર હમારો બેટા. ત્યારે તે સગપણ શું?

(૧૦૯) વાણીયો વાણીયાણ બ્રાહ્મણ બ્રાહ્મણી અને ભંગીઓ ભંગીયાણી એ ત્રણ જોડાને નીચે આપેલી ચાર સરતો મુજબ નદીને સામે પાર ઉતારો.

(૧) હોડીમાં બે થી વધારે માણસ બેશી શકે નહી.
(૨) હોડીને લાવનોર તથા લેઇ જનાર પણ તેઓ બેસનાર પોતેજ છે.
(૩) ભંગીયો ભંગીઆણીને અડકવું નહીં.

(૪) સ્ત્રી એકલી અથવા સ્ત્રીએ સ્ત્રીઓ અગર તો સ્ત્રીઓ પોતાના સ્વામી સાથે રહી શકે છે.

(૧૧૦) આઠ આનાની તેરીખે સાદા વ્યાજે દર માસે અકેક રૂપિઓ ભરીએતો ૧૨ વર્ષે કેટલું વ્યાજ થશે?

(૧૧૧) આઠ આનાની તેરીખે સાદા વ્યાજે દર માસે અકેક રૂપિએ ચડત એટલે પેહેલે માસે એક રૂપિઓ બીજે માસે બે રૂ-પિઆ ત્રીજે માસે ત્રણ રૂપિઆ એવી રીતે ભરતાં ૧૨ વ-ર્ષે કેટલું વ્યાજ થશે?

(૧૧૨) બે મીત્રો હતાં તેમાંથી એકે ૨ શેર અને બીજાએ ૩ શેર ખાવાનું લીધું તેમાં ત્રીજે જણ પોતાના ભાગના ૫ પૈસા આપો ભળ્યો તો તે પાંચ પૈસામાંથી બશેરવાળાને તથા ત્રણ શેરવાળાને કેટકેટલા પૈસા આવશે?

(૧૧૩) એક વેપારી પાસે રૂ. ૯।।≈ ના ભાવના પટારા છે અને બીજા વેપારી પાસે રૂ. ૬।।।≈।। ના ભાવના મંજુડામચીયા છે. તેઓ બંને પોતપોતાનો સામાન કેટકેટલો અદલ બદલ કરે તો તેઓની વચે કાંઇપણ લેણદેણ રહે નહીં.

(૧૧૪) **અ બ ક** અને **ડ** એ ચાર જુગારી કેટકેટલાક રૂપીઆ લેઇ જુગાર ખેલવા બેઠા પ્રથમ **અ** પોતાની પાસે જેટલા રૂપીઆ હતા તેટલા તેટલા દરેક પાસેથી જીત્યો બીજીવાર **બ** પોતાની પાસે જેટલા રૂપીઆ બાકી રહ્યા તેટલા તેટલા દરેક પાસેથી જીત્યો એવી રીતે અનુક્રમે ચારે જણા જીત્યા પછી દરેકની પાસે સરખા સરખા રૂપિયા થયા ત્યારે પ્રથમ દરેક પાસે કેટકેટલા રૂપીયા હશે તે અનુક્રમે કહો.

(૧૧૫) **અ બ ક ડ** અને **ઇ** એ પાંચ જુગારી કેટકેટલાક રૂપીયા

લઇ ઠોર મુંઠી રમવા બેઠા પ્રથમ **અ** હાર્યો તેથી બીજા ચારે જણ પાસે બમણા બમણા રૂપિયા થયા. ત્યાર પછી **બ** હાર્યો તેથી બીજા ચારે જણ પાસે બમણા બમણા રૂ-પિયા થયા. એવી રીતે અનુક્રમે પાંચે જણ હાર્યા પછી દરે-કની પાસે સરખા સરખા રૂપિઆ થયા ત્યારે પ્રથમ દરેકની પાસે કેટકેટલા રૂપિયા હશે. તે અનુક્રમે કહો.

(૧૧૬) ૩૨ બત્રીસ મણના ત્રણ ભરેલ. અને ૨૫ ને ૭ મણના બે ખાલી કુડલા છે. તે ચાર જણ વચ્ચે સરખે ભાગે વગર કાટલે વહેંચી આપો.

(૧૧૭) પંદરો જંત્ર બનાવો.

(૧૧૮) વીશો જંત્ર બનાવો.

(૧૧૯) નીચેની આકૃતીમાં બતાવ્યા પ્રમાણે **અ** નિશાની વાળા. ૯ રાજાના ને **બ** નિશાનીવાળા ૪ રૈયતના આંબા છે. હવે રાજાના આંબાઓને એવો કુંડાવાળો કોટ બનાવો કે રૈયતના આંબા જૂદા રહે.

अ		अ		अ
	ब		ब	
अ		अ		अ
	ब		ब	
अ		अ		अ

(૧૨૦) નીચેની આકૃતીમાં બતાવ્યા મુજબ સાત કોઠા છે તેમાં ઉપરનો કોઠો ખાલી રાખી બાકીના કોઠા. છગણુતાં જે આવે તે ભરો. પણ એટલું યાદ રાખજો કે. ભરેલ કોઠો પ્રથમથી ગણાય નહીં.

[]

[] []

[] []

[] []

(૧૨૧) સાત આડાને સાત ઉભા એવા ૪૯ આસનમાં ૧ થી ૪૯ સુધીના એવી રીતે આંકડા ભરો કે તેમનો એક તરફનો સરવાળો સરખો થાય.

